# ગુજરાત સરપંચ સંગઠનના સભ્યો ગાંધીનગરમાં એકઠા થયા

## ૧૪ પ્રશ્નોને લઈને સરપંચો રજુઆત માટે કમલમ ગયા હતા

ગાંધીનગર, તા. ૨

ગુજરાત સરપંચ સંગઠનના નેજા હેઠળ આજે બપોરના સુમારે પીડીપીયુ પાસે આવેલ લિંમ્બચ માતાના મંદિર મોટીસંખ્યામાં એકઠા થયા હતા. ત્યાં




સરપંચોએ વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચા વિચારણા કરી લીધા બાદ ભાજપ પ્રદેશ કાર્યાલય ખાતે એકઠા થયા હતા અને સરપંચોને સ્પર્શતા ૧૪ પ્રશ્નો અંગે રજુઆત કરી હતી. આ પ્રસંગે રાજયભરમાંથી સરપંચો શહેરમાં ઉમટી પડ્યા હતા.

ગુજરા સરપંચ સંગઠનના મુખ્ય પ્રશ્નોમાં દરેક ગામના સરપંચોને ઓળખ માટે આઈકાર્ડ આપવા, ગામના વિકાસ માટે જરુરીયાત પ્રમાણે માગે તેટલી ગ્રાન્ટ આપવી, સરપંચોને ટોલ નાકા ફ્રી કરી આપવા, આર્થિક નબળા સરપંચોને ૦ ટકા વ્યાજે ઉદ્યોગ માટે લોન આપો, જે કામ તલાટીઓને સોંપ્યા તે સરપંચોને પાછા આપો, ગામના વિકાસ માટે સરપંચોને માસિક ભથ્થુ આપવું, માસિક પગાર આપવો, હવે પછીના સરપંચોને પેન્શન આપો, ગ્રામ પંચાયતની જમીન ખરાબો તેમજ ગૌચરની જમીન પર થયેલ દબાણ દુર કરવા સરપંચોને પાવર આપવો, ગ્રામ પંચાયતમાં પુરી સુવિધાઓ પુરી પાડવી જેમ કે પંચાયત ઓફિસ, લાઈટ,પાણી, પટ્ટાવાળા અને શૌચાલયનો સમાવેશ થાય છે. ગ્રામ પંચાયતના લાઈટ બીલ ભરવા, રાજકીય નેતા આવે તે સમયે સરપંચોને અગ્રીમ સ્થાન આપવું, સહિતના પ્રશ્નોને લઈ આજે પીડીપીયુની બાજુમાં આવેલ લિમ્બચ માતાના મંદિર બેઠક યોજાઈ હતી. બેઠક સમાપન બાદ સરપંચો ભાજપના પ્રદેશ કાર્યાલય ખાતે પ્રશ્નોની રજુઆત માટે પહોંચ્યા હતા અને ત્યાં જઈને પોતાની રજુઆત કરી હતી. આ પ્રસંગે રાજયભરમાંથી સરપંચો મોટીસંખ્યામાં એકઠા થયા હતા.

# આજે શહેરમાં એનસીપી દ્વારા બાઈક રેલી યોજાશે

ગાંધીનગર, તા. ૨

આજે એનસીપી દ્વારા સેકટર-૧૭ શોંપીગ સેન્ટર પાસેથી સવારે ૧૦ કલાકે બાઈક રેલી યોજાશે. આ બાઈક રેલીમાં હજ્જારો કાર્યકર્તાઓ જોડાશે. શહેરના વિવિધ સેકટર તેમજ પેથાપુર સુધી બાઈક રેલી યોજાશે. બાઈક રેલી દ્વારા એનસીપીના ઉમેદવાર રોહિત નાયાણી પ્રચારના શ્રી ગણેશ કરશે. તેમજ આગામી સમયમાં નુક્કડ મીટીંગો, ગામડાઓમાં રાત્રી ખાટલા બેઠકો, સહિત એનસીપીના સ્ટાર પ્રચારકો પણ ગાંધીનગર ખાતે આવી મોટી સભાઓ યોજી પ્રચાર કરશે.

ગાંધીનગર શહેરમાં ખરાખરીનો જંગ જામ્યો છે. ગાંધીનગર ઉતર બેઠકમાં ૧ ૨ ઉમેદવારો મેદાને જંગમાં છે. ત્યારે ભાજપ-કોંગ્રેસ તેમજ નેશનલ કોંગ્રેસ પાર્ટીના ઉમેદવાર વચ્ચે શહેરની બેઠક પર પ્રથમવાર ત્રિપાંખીયો જંગ જામે તેવી સંભાવના છે. તો બીજી તરફ આપ પાર્ટી અને બહુજન સમાજ પાર્ટીના ઉમેદવારો પણ પ્રચાર અને પ્રસારમાં પાછા પડે તેમ નથી. જેને પગલે ગાંધીનગરની બેઠક માટે કંઈ પણ કહેવુ અશક્ય છે. ત્યારે ઉમેદવારોએ જોરશોરથી પ્રચાર શરુ કરી દીધો છે. લોક સંપર્ક માટે કાર્યકર્તાઓ સાથે સવારથી સાંજ સેકટરોની ગલીઓ ઉમેદવારો ચાલીને ફરતા નજરે પડે છે. ત્યારે એનસીપીના ઉમેદવાર રોહિત નાયાણીએ પણ પોતાનો હાઈટેક પ્રચાર શરુ કરી દીધો છે. સોશ્યલ મિડીયામાં રોહિત નાયાણી સૌથી વધુ એકટીવ છે. ત્યારે રવિવારને તા.૩ ના રોજ સવારે ૧૦ કલાકે સેકટર-૧૭ ખાતે થી બાઈક રેલી નીકળશે. જે શહેરના વિવિધ સેકટરોના આંતરીક માર્ગ અને પેથાપુર સુધી જશે. સવારથી સાંજ સુધી બાઈક રેલી પર કાર્યકર્તાઓ પ્રચાર કરશે. એનસીપીનું પ્રથમ શકિત પ્રદર્શન હોઈ શકે છે. ત્યારે આગામી સમયમાં પણ વિવિધ પક્ષ દ્વારા શકિત પ્રદર્શન કરીને મતદારોને રીઝવવા પ્રયાસ કરવામાં આવશે.

# સે-૩ સી માં મતદારોએ શ્રીફળ આપી ઉત્તરના ઉમેદવારને જીતની શુભેચ્છા પાઠવી



ગાંધીનગર તા ૨

ગાંધીનગર ઉત્તરની બેઠક પર ભાજપે મતદારોને પોતાની તરફ કરવા માટે ડોર ટુ ડોર પ્રચાર ઝુંબેશ શરૂ કરી છે. જયારે ગઈકાલે સે-૨૭ માં પ્રચાર કર્યા બાદ આજે નવા સેકટરોમાં ભાજપના આગેવાનોએ જોરશોરથી પ્રચાર કર્યો હતો. સે-૩માં પ્રચારમાં નિકળેલા ભાજપના આગેવાનોને સેકટરવાસીઓએ આવકાર્યા હતા. ભાજપના પ્રચાર દરમિયાન મહીલાઓને કમળના ચિન્હવાળી માળા અને સાહીત્યનુ વિતરણ કરી પ્રચાર કરવામાં આવ્યો હતો.

શહેરમાં ચુંટણીલક્ષી ગરમાવો વધતો જાય છે. જો કે હજુ કોંગ્રેસે ડોર ટુ ડોર પ્રચાર કરવાનુ શરૂ કર્યુ નથી. બીજીતરફ ભાજપે સેકટરોની શેરીઓ ખુંદવાનુ શરૂ કરી દીધુ છે. ભાજપે રોજ એક સેકટરમાં ડોર ટુ ડોર પ્રચાર ઝુંબેશ કરવાનુ આયોજન કર્યુ છે. જયારે પ્રચાર ઝુંબેશના અંતમાં સઘળા સેકટરો આવરી લેવાય તે મુજબ કાર્યક્રમ નક્કી કરી દેવાયો છે. આજે ભાજપના ઉત્તરના ઉમેદવાર અશોક પટેલ સહીત શહેર ભાજપ પ્રમુખ મહેન્દ્ર દાસ, પુર્વ મેયર મહેન્દ્રસિંહ વાઘેલા યુવા ભાજપના પ્રમુખ જિગર પટેલ સહીતના કાર્યકરોએ સેકટર -૩ માં પ્રચાર કર્યો હતો. ડી જેના સુર વચ્ચે વાજતે ગાજતે હાથ ધરાયેલી પ્રચાર ઝુંબેશ દરમિયાન સેકટરના મતદારોએ તેમને આવકાર્યા હતા. જયારે ભાજપના કાર્યકર્તાઓ દ્વારા મહીલાઓને કમળના ચિન્હવાળી માળા તેમજ સાહીત્યનુ વિતરણ કર્યુ હતુ. ભાજપના આગેવાનોએ બહુમત આપવા માટે નાગરિકોને અપીલ કરી હતી. કેસરી ખેસ ધારણ કરીને નિકળેલા ઉત્તરની બેઠકના ઉમેદવારને રહીશોએ શ્રીફળ આપી જીતની શુભેચ્છા પાઠવી હતી.

# જિલ્લાની પાંચેય બેઠકો પર જંગી બહુમત મેળવવા બુથ કાર્યકરો કાર્યરત બને : ઓમ માથુર

ગાંધીનગર તા ૨

વિધાનસભાની ચુંટણીમાં ભાજપને ૧૫૦ થી વધુ બેઠકો પર



**બહુમતની રણનીતિ નક્કી કરવા માટે કમલમ ખાતે રાષ્ટ્રીય ઉપાધ્યક્ષની આગેવાનીમાં બેઠક મળી**

બહુમત અપાવવા માટે કાર્યકર્તાઓને કામે લાગી જવા માટે ભાજપના ઉપાધ્યક્ષ ઓમ માથુરે જણાંવ્યુ હતુ. આ ઉપરાંત બહુમતથી ચુંટણી જીતવા માટે ખભે ખભો મિલાવી વિકાસ મંત્રને ચરિતાર્થ કરવા આહવાહન કર્યુ હતુ. સે-૨૧ સ્થિત ભાજપના કમલમ કાર્યાલય ખાતે જિલ્લાની વિધાનસભા બેઠકો માટે યોજેલી ખાસ બેઠકમાં ભાજપના અગ્રણીઓએ વિજયની રણનીતિ નક્કી કરવા ચર્ચા કરી હતી.

વિધાનસભાની ચુંટણીને અનુલક્ષી ભારતીય જનતા પાર્ટી દ્વારા રોજબરોજ ડોર ટુ ડોર પ્રચાર શરૂ કરી દેવાયો છે. જયારે ભાજપના કાર્યકર્તાઓ અસરકારક કામગીરી કરે તે માટે પક્ષના આગેવાનો દ્વારા પણ વિજયની રણનિતી નક્કી કરવા માટે બેઠકનુ આયોજન કરવામાં આવે છે. આજે પણ સે-૨૧ સ્થિત ભાજપના કમલમ કાર્યાલય ખાતે ભાજપના વરિષ્ટ નેતાઓની એક બેઠક યોજવામાં આવી હતી. જેમાં ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ઓમજી માથુર તથા પ્રદેશ મહામંત્રી કે સી પટેલે જિલ્લાની વિધાનસભા બેઠકો માટે ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી. આ બેઠકમાં ભાજપના હોદેદારો અને સહીત ચુંટણીલક્ષી પદાધિકારીઓ હાજર રહયા હતા. પક્ષના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ઓમ માથુરે બુથ સહકાર્યકર્તાઓને કામે લાગી જવા માટે જણાંવ્યુ હતુ. જયારે વિધાનસભા ૨૦૧૭ ની ચુંટણીને અનુલક્ષી જિલ્લાની ચારેય બેઠકો પર જંગી બહુમતીથી જીત મેળવવા માટે ખભે ખભો મિલાવવા માટે સૌનો સાથ સૌનો વિકાસ હુ છુ ગુજરાત..હુ છુ... વિકાસના મંત્રને ચરિતાર્થ કરવા આહવાહન કર્યુ હતુ. બેઠકમાં જિલ્લા પ્રમુખ નૈલેષ શાહ,પ્રભારી પૃથ્વીરાજ પટેલ, યુ પી ના કેબિનેટ પ્રધાન ડો મહેન્દ્રસિંહજી જિલ્લા ભાજપના મહામંત્રી આઈ બી વાઘેલા સહીતના પદાધિકારીઓ હાજર રહયા હતા.

# ગાંધીનગરમાંથી દારૂ-બિયરના મસમોટા ગોડાઉનો પકડાય છે..!

## ખોરજના સવા બે કરોડના દારૂ ભરેલા ગોડાઉનના મુખ્ય સુત્રધારો સુધી હજુ પોલીસ પહોંચી શકી નથી ત્યાં વધુ એક ગોડાઉન દંતાલી નજીકથી ઝડપાયુ : પોણા કરોડનો જથ્થો જપ્ત

ગાંધીનગર, તા. ૨

રાજ્યનું પાટનગર ગાંધીનગર ચૂંટણીના સૌથી વધુ પકડાયેલા દારૂના જથ્થાની યાદીમાં ત્રીજા ક્રમાંકે ઓન રેકર્ડ આવ્યુ છે. ગાંધીનગરમાંથી દારૂ-બિયરની હેરાફેરી કરતી ગાડીઓ અને જીપો તો હવે નાની લાગે છે કેમ કે હમણા-હમણા તો ટ્રકો-ટેન્કરો અને મોટા મોટા ગોડાઉનો જ પકડાયા છે. ગાંધીનગરમાંથી જ જો દારૂ-બિયરના મસમોટા ગોડાઉનો પકડાતા હોય તો અન્ય જિલ્લાઓમાં કેટલો મોટો સ્ટોક બુટલેગરો ચૂંટણી માટે કર્યો હશે તે તો વિચારવુ જ રહ્યું..!

અડાલજ પોલીસે ખોરજ પાસેથી એક ભંગારના ગોડાઉનમાંથી સવા બે કરોડનો દારૂ-બિયરનો મસમોટો જથ્થો પકડ્યો તે કેસમાં હજુ 'આકા'ઓ સુધી પોલીસ પહોંચે તે પહેલા વધુ એક ગોડાઉન ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં આવેલા દંતાલી પાસેથી પકડાતા ચકચાર મચી જવા પામી છે. સાંતેજ પોલીસે દંતાલી જીઆઈડીસી તરફ જવાના રોડ પર બાવળની ઝાડીઓ વાળા કાચા રસ્તા તરફથી શંકાસ્પદ રીતે નીકળેલી એક ફોર વ્હીલર કાર દ્વારા ગોડાઉનનો રસ્તો મેળવ્યો અને એક મોટા પતરાના શેડ લગાડેલા ગોડાઉનમાં શંકાને આધારે દરોડો પાડી તપાસ કરતા વિદેશી દારૂ અને બિયરની પેટીઓ સંતાડીને રાખેલો મસમોટો જથ્થો પકડી પાડ્યો હતો. સાંતેજ પી.આઈ. આર.બી. રાણા તથા ટીમે રૂ. ૬૯,૬૯,૬૦૦ની કિંમતનો દારૂ બિયરનો જથ્થો જપ્ત કરી ગોડાઉનની લાઈટ બીલ આધારે તેના માલીક અને મુખ્ય બુટલેગરો સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે.









ગાંધીનગર શહેરમાં મુસ્લિમ સમુદાય દ્વારા હજરત મહંમદ પયગંબર સાહેબના જન્મદિને ઈદ-મિલાદુનબીના ઉત્સવની હોંશભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મુસ્લિમ બિરાદરોએ તેમના ઘરો તથા મસ્જિદોને રોશનીથી ઝગમગાવ્યા હતા તથા મિયાઝમાં સહભાગી બન્યા હતા. આ સાથે શહેરમાં મુસ્લિમ બિરાદરોએ જુલુસનું પણ આયોજન કર્યુ હતું. ઈદ-એ મિલાદુનબીના તહેવાર નિમિત્તે બિરાદરોએ એકબીજાને મુબારકબાદી પાઠવી હતી.

# ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ ગાંધીનગરની ડિસેમ્બર માસની કાર્યવાહક સમતિની માસિક બેઠક તા.૭ ડિસેમ્બરને ગુરુવારના રોજ સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષ સ્થાને સાંજે ૪ કલાકે સ્વસ્તિક કોમ્પ્લેક્ષ બીજે માળ, સેકટર-૨૨ ખાતે યોજાશે. આ બેઠકમાં નવીન ડીરેકટરી અને અમૃત મહોત્સવ-૨૦૧૭ અંગે ખાસ ચર્ચા વિચારણા કરવામાં આવનાર છે. જેમાં સંસ્થાના તમામ પદાધિકારીઓ અને કાર્યવાહક સમિતિના સભ્યોને અચુક હાજર રહેવા જણાવ્યું છે.

# ગાંધીનગર જિલ્લા કેમીસ્ટ એસોસિએશનના પ્રમુખ તરીકે માનસિંહ ચૌધરીની વરણી

ગાંધીનગર જિલ્લા કેમીસ્ટ એસોસિએશનમાં પ્રમુખ પદ માટેની ચુંટણી તાજેતરમાં યોજાઈ હતી. જેમાં નવા પ્રમુખ તરીકે માનસિંહ. એસ.ચૌધરી (ગીતા કેમીસ્ટ)અને તેઓની પેનલનો વિજયી થયેલ છે. તેઓએ દરેક સંસ્થાના સભ્યો તથા દરેક પેઢીના માલિકો, સેલ્સમેનનો આભાર વ્યકત કર્યો હતો.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

નવું વર્ષ નવું પ્રભાત
ખેડૂતોની સમસ્યાઓના
અંતની
શરૂઆત
કોંગ્રેસ આવે છે
નવસર્જન લાવે છે

# સરઢવમાં જંત્રી દરમાં ઘટાડો ન થતા ઘેરો અસંતોષ

ગાંધીનગર, તા. ૨

સરઢવ ગામમાં જંત્રી દરો જાહેર કરવામાં આવેલ છે. જે ખુબ જ વધારે છે. જેથી આ દરમાં ઘટાડો કરવા માટે નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલ તથા ભારતીય જનતા પાર્ટીના આગેવાનો સમક્ષ ગૌરવયાત્રા દરમિયાન રજુઆત કરવામાં આવી હતી. આમ છતાં કોઈ કાર્યવાહી થઈ નથી પરિણામે ઘેરા અસંતોષની લાગણી વ્યાપેલ છે. જેની આગામી ચૂંટણીમાં ગર્ભિત અસરો પણ પડે તેવી શકયતાઓ વર્તાઈ રહેલ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ટચૂકડી જાહેર ખબર

રોગોથી બચો
આલ્ફા આલ્ફા ક્લોરોફી પીવો અને ૨૨ પ્રકારના અસાધ્ય રોગોથી બચો
સંપર્ક : ૯૮૨૪૨૫૪૬૯૭

ઘરે બેઠા કમાઓ
૨૧ સદીના આધુનિક આરોગ્ય સાથે કામ કરી આર્થિક, માનસિક અને શારિરીકનો આનંદ મેળવવા સંપર્ક કરો.
મો. ૯૩૨૮૯૧૭૬૭૭

મકાન વેચવાનું છે
પ્લોટ નં. ૧૪૮૪/૨, સેક્ટર-૩ડી, ૯૦ વાર, ૬ રૂમ રસોડાનું અદ્યતન સુવિધાવાળું મકાન વેચવાનું છે. રસ ધરાવનારે
મો. નં. ૯૮૨૫૧ ૬૧૦૮૮
પર બપોરના ૪.૦૦ વાગ્યા બાદ સંપર્ક કરવો.